**એશિયન પેરા ગેમ્સ**

# પહેલા દિવસે ચાર ગોલ્ડ સહિત 11 મેડલ જીતી ભારતની પ્રભાવક શરૂઆત

**શૂટિંગમાં** મોના અગ્રવાલે ગોલ્ડ, અવનિ લેખરાએ સિલ્વર જીત્યો, ભાલા ફેંકમાં રિન્કુ અને અજીતે ગોલ્ડ, સિલ્વર જીત્યા

**પહેલીવાર** ઇન્ટરનેશનલ લોન્ગ જમ્પ ઇવેન્ટમાં ભાગ લેનારા નિષાદ કુમારે 7.11 મીટરના જમ્પ સાથે ગોલ્ડ મેડલ જીત્યો

**આર્મલેસ** તિરંદાજ શીતલ દેવીએ ક્વોલિફિકેશન રાઉન્ડમાં વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી, મિક્સ ટીમ ઇવેન્ટમાં નવો રેકોર્ડ બનાવ્યો





નાગોયા, તા. 19 (પીટીઆઈ) : એશિયન પેરા ગેમ્સમાં ભારતે આજે સોમવારે પહેલા દિવસે શાનદાર શરૂઆત કરી, શૂટર મોના અગ્રવાલ અને લોંગ જમ્પર નિષાદ કુમાર જેવા અનુભવી ખેલાડીઓના જોરદાર પ્રદર્શનને કારણે ચાર ગોલ્ડ, પાંચ સિલ્વર અને બે બ્રોન્ઝ સહિત કુલ 11 મેડલ જીતીને મેડલ ટેલિમાં ચોથા સ્થાને રહ્યું હતું. આર્મલેસ તીરંદાજ શીતલ દેવીએ પણ શાનદાર પ્રદર્શન કર્યું, મહિલા કમ્પાઉન્ડ ઈવેન્ટના ક્વોલિફિકેશન રાઉન્ડમાં વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી. ત્યારબાદ તેણે તોમન કુમાર સાથે મળીને મિક્સ ટીમ ઈવેન્ટમાં નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.

શરૂઆતમાં મોનાએ મહિલાઓની 10 મીટર એર રાઈફલ SH1 ઈવેન્ટની ફાઈનલમાં શાનદાર વાપસી કરીને ગોલ્ડ મેડલ જીત્યો. પેરિસ 2024 પેરાલિમ્પિક્સ બ્રોન્ઝ મેડલિસ્ટ મોનાએ છઠ્ઠા સ્થાનેથી 250.0 પોઈન્ટના એશિયન પેરા ગેમ્સ રેકોર્ડ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું, બે વખતની પેરાલિમ્પિક્સ ચેમ્પિયન અવનીને માત્ર 0.4 પોઈન્ટથી પાછળ છોડી હતી. ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે પ્રવેશેલી અવનીએ 249.6 પોઈન્ટ સાથે સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો.

સાંજના સેશનમાં પેરા-એથ્લેટિક્સ એથ્લેટ્સનો દબદબો રહ્યો. બે વખતના પેરાલિમ્પિક્સ સિલ્વર મેડલિસ્ટ નિષાદ કુમાર, મધ્યમ અંતરની દોડવીર સૌમ્યા અને ભાલા ફેંક એથ્લેટ રિંકુએ પોતપોતાની ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા. કેરિયરમાં પહેલીવાર ઈન્ટરનેશનલ લોંગ જમ્પમાં ભાગ લેનારા નિષાદે 7.11 મીટરના જમ્પ લગાવી ગોલ્ડ જીત્યો હતો. મહિલાઓની 1500 મીટર T12-T13 સ્પર્ધામાં, દૃષ્ટિહીન સૌમ્યાએ 5:12.39 સેકન્ડના વ્યક્તિગત શ્રેષ્ઠ સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો. ભારતની જ રાધા વેંકટેશે 5:30.90 સેકન્ડના સમય સાથે સિલ્વર મેડલ જીત્યો. ભારતની રાવની વાલાસાનેનીએ T11 કેટગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. પુરુષોની ભાલા ફેંક F46 ઈવેન્ટમાં ભારતનો દબદબો રહ્યો. રિંકુ અને અજીત સિંહે અનુક્રમે 65.11 મીટર અને 65.02 મીટર ફેંકીને ગોલ્ડ અને સિલ્વર મેડલ જીત્યા. બંને ભારતીય ખેલાડીઓએ સિઝનનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું.



## કાર્તિક બુડિગીનાએ સ્વિમિંગમાં સિલ્વર જીત્યો

ભારતના રવિ કાર્તિક બુડિગીનાએ પુરુષોની 100 મીટર ફ્રીસ્ટાઇલ S13 ઇવેન્ટમાં 56.68 સેકન્ડના સમય સાથે સિલ્વર મેડલ જીત્યો, જે ઓછી દ્રષ્ટિની ક્ષતિ ધરાવતા ખેલાડીઓ માટે છે.

## જુડોમાં કોકિલાએ સિલ્વર કપિલે બ્રોન્ઝ જીત્યો

ભારતના દૃષ્ટિહીન જુડો ખેલાડીઓએ બે મેડલ જીત્યા, જેમાં કોકિલાએ મહિલાઓની J2-52 કિગ્રા શ્રેણીમાં સિલ્વર મેડલ જીત્યો જ્યારે કપિલ પરમારે પુરુષોની J1-70 કિગ્રા શ્રેણીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. હાંગઝોઉ એશિયન પેરા ગેમ્સમાં બ્રોન્ઝ મેડલિસ્ટ કોકિલા ફાઇનલમાં કિર્ગિસ્તાનની આઈબાઇક ઉલાનબેક કૈજી સામે હારી હતી. ગયા એશિયન પેરા ગેમ્સમાં સિલ્વર મેડલ જીતનાર કપિલ સેમિફાઇનલમાં ઇન્ડોનેશિયાના જુનેડી સામે 0-1થી હાર્યા પછી બ્રોન્ઝ મેડલ મેચમાં અન્ય એક ઇન્ડોનેશિયન, અહનાફ રાફલી શિદકી સામે ઇપ્પોન સાથે 1-0થી જીત મેળવી.

## એશિયન પેરા ગેમ્સ ટેબલટેનિસ : પ્રાચી, સોનલ, ભાવીનાના મેડલ પાકા

નાગોયા, 19 ઓક્ટોબર (પીટીઆઇ) : પેરાલિમ્પિક્સ સિલ્વર મેડલિસ્ટ ભાવીના પટેલ સહિત ત્રણ ભારતીય ટેબલ ટેનિસ ખેલાડીઓએ આજે સોમવારે અહીં એશિયન પેરા ગેમ્સના સેમી ફાઇનલમાં પ્રવેશ કરીને ત્રણ અલગ અલગ કેટેગરીમાં દેશ માટે મેડલ સુનિશ્ચિત કર્યા હતા. પ્રાચી પાંડેએ મહિલા કેટેગરી છમાં થાઇલેન્ડની કનોક્પોર્ન ફાથુમચાઇને 11-5, 11-4, 11-13, 12-10થી હરાવીને, સોનલબેને કેટેગરી ત્રણમાં થાઇલેન્ડની દારાત અસાયુતને 3-1 (11-7, 8-11, 11-5, 11-5)થી હરાવીને જ્યારે ભાવિનાએ કેટેગરી ચાર-પાંચમાં ચીનની ઝાંગ મિયાઓને 3-1 (8-11, 11-6, 11-1, 11-6)થી હરાવીને સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

## એશિયન પેરા ગેમ્સ બેડમિન્ટન : નિતેશ-તુલસીમતી જોડીનો મિક્સ ડબલ્સમાં મેડલ પાકો

નાગોયા, તા. 19 (પીટીઆઇ) : ભારતીય જોડી નિતેશ કુમાર અને તુલસિમતી મુરુગેસને આજે સોમવારે અહીં એશિયન પેરા ગેમ્સ બેડમિન્ટન સ્પર્ધાના મિક્સ ડબલ્સ SL3-SU5 ગ્રુપ B ઇવેન્ટની સેમી ફાઇનલમાં પ્રવેશ કરીને મેડલ નિશ્ચિત કર્યો હતો. ભારતીય જોડીને પહેલી મેચમાં ચીનના યાંગ જિયાનયુઆન અને યાંગ કિયુક્સિયા તરફથી વોકઓવર મળ્યો હતો. ત્યારબાદ તેમણે ચીનના ચેન પેંગફેઈ અને હુઆંગ ઝિક્સુઆનને માત્ર 23 મિનિટમાં 21-4, 21-18 થી હરાવીને ગ્રુપ રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું. પેરિસ પેરાલિમ્પિક્સ ચેમ્પિયન નીતેશે મેન્સ સિંગલ્સ SL3 કેટેગરીના ગ્રુપ Aમાં દક્ષિણ કોરિયાના જુ ડોંગજેને 21-13, 21-15થી હરાવીને સરળ જીત નોંધાવી. રુથિક રઘુપતિએ પુરુષોની સિંગલ્સ SU5 ગ્રુપ C મેચમાં થાઇલેન્ડના સોમસિરી પ્રિચાને 21-12, 21-12થી હરાવીને ભારતની જીતનો સિલસિલો ચાલુ રાખ્યો.

# રમેશ પોવાર રાષ્ટ્રીય પસંદગીકાર બન્યો, ઓઝા અધ્યક્ષપદે યથાવત

**વસીમ** જાફર, સલિલ અંકોલા, જેકોબ માર્ટિન પણ રેસમાં હતા છતાં બે ટેસ્ટ રમનારા પવારની પસંદગી થઇ

**પુરુષ** સિનિયર ટીમની પસંદગી સમિતિમાં પ્રજ્ઞાન ઓઝા સીનિયોરિટીના આધારે અધ્યક્ષ તરીકે કાર્યરત રહેશે

બેંગલુરુ, તા. 19 (પીટીઆઇ) : ભારતના માજી સ્પિનર રમેશ પવારની ભારતીય પુરુષ ક્રિકેટ ટીમની સિનિયર સિલેક્શન કમિટીમાં પસંદગી કરવામાં આવી છે. માજી ટેસ્ટ ક્રિકેટર અજીત અગરકરનો કાર્યકાળ તા. 4 ઓક્ટોબરના રોજ પૂર્ણ થયા બાદ, સિનિયોરિટીના આધારે માજી સ્પિનર પ્રજ્ઞાન ઓઝાને પસંદગી સમિતિના ચેરમેન તરીકે યથાવત રાખવામાં આવ્યા છે.

અશોક મલ્હોત્રા અને જતિન પરાંજપેની ક્રિકેટ એડવાઈઝરી કમિટી (સીએસી) દ્વારા પવારના નામની સર્વાનુમતે ભલામણ કરવામાં આવી હતી. આ માટે તા. 15 ઓક્ટોબરના રોજ મુંબઇ ખાતે ઈન્ટરવ્યુ યોજાયા હતા, જેમાં વસીમ જાફર, સલિલ અંકોલા, જેકોબ માર્ટિન અને કોનર વિલિયમ્સ પણ રેસમાં હતા. જોકે, વર્ષ 2027ના વન-ડે વર્લ્ડકપ સુધી સાતત્ય જળવાઇ રહે તે હેતુથી 48 વર્ષીય પવારની પસંદગી કરવામાં આવી છે. પવારે ભારત તરફથી 2 ટેસ્ટ અને 31 વન-ડે રમી છે. આ ઉપરાંત તે ભારતીય મહિલા ટીમના મુખ્ય કોચ તથા મુંબઇ અને ગુજરાત ટીમના કોચ પણ રહી ચૂક્યો છે.

**નવી પસંદગી સિમિતિ**

**પ્રજ્ઞાન ઓઝા (અધ્યક્ષ), શિવ સુંદર દાસ, આરપી સિંહ, અજય રાત્રા, રમેશ પવાર.**

**રણજી ટ્રોફી રાઉન્ડ અપ**

## ગુજરાત સામે દિલ્હીનો 648 રનનો મજબૂત સ્કોર

નવી દિલ્હી : અહીંના પાલમ બી ગ્રાઉન્ડ પર રમાઇ રહેલી રણજી ટ્રોફી ગ્રુપ સીની એક મેચમાં બેટ્સમેનોનું વર્ચસ્વ રહ્યું હતું. રવિવારે કેપ્ટન આયુષ બદોનીની બેવડી સદી અને પ્રિયાંશ આર્યના 199 રનની મદદથી દિલ્હીએ ગ્રુપ લીડર ગુજરાત સામે છ વિકેટે 648 રનના સ્કોરે પોતાનો પહેલો દાવ ડિકલેર કર્યો હતો, જેની સામે આજ બીજા દિવસની રમતના અંતે ગુજરાતે 35 ઓવરમાં 2 વિકેટે 98 રન બનાવ્યા હતા, અને હજુ પણ 550 રન પાછળ છે. દિલ્હી વતી બદોનીએ 246 બોલમાં 217 રન ફટકાર્યા, સુમિત માથુરે 92 રન બનાવ્યા જ્યારે અનુજ રાવત 61 બોલમાં અણનમ 61 રન બનાવ્યા હતા.

## મનવંતની સદી અને બોલરોના જોરે કર્ણાટકે સૌરાષ્ટ્ર પર સકંજો કસ્યો

બેંગલુરુ : રણજી ટ્રોફી ગ્રુપ બી મેચના આજે સોમવારે બીજા દિવસે મનવંત કુમારની પ્રથમ ફર્સ્ટ ક્લાસ સદી બાદ કર્ણાટકના બોલરોએ સૌરાષ્ટ્રના ટોચના ક્રમને લથડાવીને સકંજો કસ્યો હતો. મનવંતના 135 રનની મદદથી કર્ણાટકે 342 રનનો સ્કોર બનાવ્યો હતો. તે પછી બોલરોની ઉમદા ભૂમિકાથી બીજા દિવસની રમતના અંતે સૌરાષ્ટ્રનો સ્કોર ચાર વિકેટે 164 રન હતો અને તેઓ હજુ 178 રન પાછળ છે.

## બરોડાએ પ્રિયાંશુ મોલિયાની સદીની મદદથી બિહાર પર સરસાઇ મેળવી

વડોદરા : રણજી ટ્રોફી ગ્રુપ એની અહીં રમાતી એક મેચમાં બરોડાએ બિહારનો પહેલા દાવમાં 166 રનમાં વિંટો વાળ્યા પછી પ્રિયાંશુ મોલિયાની સદી તેમજ મહેશ પિઠિયા અને દીપક હુડાની અર્ધસદીઓની મદદથી 416 રનનો મજબૂત સ્કોર બનાવીને પ્રથમ દાવની 250 રનની મજબૂત સરસાઇ મેળવી લીધી હતી. બીજા દિવસની રમતના અંતે બિહારે વિના વિકેટે ચાર રન બનાવ્યા હતા અને તેઓ બરોડાના સ્કોરથી હજુ 246 રન પાછળ છે.

# ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં 400 રન બનાવનાર ચિન્મય સુતાર બીજો ભારતીય બન્યો

**રણજી** ટ્રોફી પ્લેટ ગ્રુપમાં મિઝોરમ વતી રમતા ચિન્મયે નાગાલેન્ડ સામે 400 રનની નોટઆઉટ ઇનિંગ રમી, વિશ્વનો દસમો બેટ્સમેન બન્યો




સોવિમા, તા. 19 (પીટીઆઈ) : મિઝોરમના ચિન્મય સુતારે આજે સોમવારે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં 400 રન બનાવનાર બીજો ભારતીય બેટ્સમેન બનીને ઈતિહાસ રચ્યો હતો. સુતારે અહીં નાગાલેન્ડ સામેની રણજી ટ્રોફી પ્લેટ ગ્રુપ મેચના બીજા દિવસે આ દુર્લભ સિદ્ધિ હાંસલ કરી હતી. આ સિદ્ધિ મેળવનારો તે વિશ્વનો દસમો બેટ્સમેન બન્યો હતો. બ્રાયન લારા અને બિલ પોન્સફોર્ડ આ સિદ્ધિ બે વાર મેળવી ચૂક્યા છે.

ભારત વતી આ આ સિદ્ધિ મેળવનારા પ્રથમ બેટ્સમેન ભાઉસાહેબ બાબાસાહેબ નિમ્બાલકર હતા, જેમણે 1948માં મહારાષ્ટ્ર તરફથી રમતી વખતે કાઠિયાવાડ સામે નોટઆઉટ 443 રન બનાવ્યા હતા.

મુંબઈ માટે વિજય હજારે ટ્રોફી રમી ચુકેલા સુતાર મિઝોરમ વતી રમેલી આ નોટઆઉટ ઈનિંગમાં 517 બોલનો સામનો કર્યો, જેમાં 46 ચોગ્ગા અને સાત છગ્ગા ફટકાર્યા. મિઝોરમે પોતાનો પહેલો દાવ નવ વિકેટે 581 રન પર ડિકલેર કર્યો. જ્યારે સુતાર ૨૩૧ રને ક્રિઝ પર હતો ત્યારે અંતિમ બેટ્સમેન લાલરેમ્પુઈયા છકછુઆક તેની સાથે ક્રીઝ પર જોડાયો. તે સમયે મિઝોરમનો સ્કોર 392 હતો. સુતારે તેની સાથે દસમી વિકેટ માટે 189 રનની ભાગીદારી કરી જેમાં તેનું યોગદાન 169 રનનું હતું. લાલરેમ્પુઈયા 14 રન બનાવી નોટઆઉટ રહ્યો હતો. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં એક જ ઈનિંગમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ વેસ્ટ ઈન્ડીઝના દિગ્ગજ લારાના નામે છે, જેણે 1994માં ડરહામ સામે વોરવિકશર માટે નોટઆઉટ 501 રન બનાવ્યા હતા.

**ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સર્વાધિક સ્કોર કરનારા બેટ્સમેન**

| ખેલાડી | ટીમ | હરીફ | સ્કોર | વર્ષ |
|---|---|---|---|---|
| બ્રાયન લારા | વોરવિકશર | ડરહમ | 501* | 1994 |
| હનીફ મોહમ્મદ | કરાચી | બહાવલપુર | 499 | 1959 |
| ડોન બ્રેડમેન | ન્યૂ સાઉથ વેલ્સ | ક્વિન્સલેન્ડ | 452* | 1930 |
| ભાઉસાહેબ નિંબાલકર | મહારાષ્ટ્ર | કાઠિયાવાડ | 443* | 1948 |
| બિલ પોન્સફોર્ડ | વિક્ટોરિયા | ક્વિન્સલેન્ડ | 437 | 1927 |
| બિલ પોન્સફોર્ડ | વિક્ટોરિયા | તાસ્માનિયા | 429 | 1923 |
| આફતાબ બલોચ | સિંધ | બલુચિસ્તાન | 428 | 1974 |
| આર્ચી મેકલારેન | લેન્કેશર | સમરસેટ | 424 | 1895 |
| સેમ નોર્થઈસ્ટ | ગ્લેમોર્ગન | લેન્કેશર | 410* | 2022 |
| ગ્રીમ હિક | વર્શેસ્ટરશર | સમરસેટ | 405* | 1988 |
| બ્રાયન લારા | વેસ્ટઇન્ડિઝ | ઈંગ્લેન્ડ | 400* | 2004 |
| ચિન્મય સુતાર | મિઝોરમ | નાગાલેન્ડ | 400* | 2026 |

**સુડોકુ ૭૯૬૮ 'કૃતિ'**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | | ૭ | ૨ | ૩ | |
| ૩ | | ૪ | ૮ | | | ૫ | ૭ | ૯ |
| ૯ | ૨ | ૭ | ૩ | | ૫ | ૧ | ૪ | ૮ |
| ૨ | | ૬ | ૫ | ૧ | | | | |
| ૭ | ૫ | | ૯ | ૪ | ૬ | | | |
| | | ૯ | | | ૨ | | | ૧ |
| | | | ૧ | | | | | |
| ૪ | | ૮ | ૨ | ૭ | | | ૬ | |
| | ૯ | ૩ | ૬ | | ૪ | ૭ | ૧ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### ફેફસાંમા પાણી

ગંભીર સમસ્યા છે. અગાથીઓ ઝડપથી ઉગતા ક્ષુપ છે. અતિ ઉપયોગી છે. એના મૂળની છાલ આશરે દશ ગ્રામ લઇ પાનમા મૂકી ચાવી જવું અથવા છૂંદી રસ કાઢી સવાર, સાંજ લેવું. કફ નિકળશે, પરસેવો થશે. ફ્લુરાગો બે, બે ગોળી સવાર સાંજ લેવી.

# પ્રીમિયર લીગમાં ડિએગો ગોમેઝે હાફવે લાઈન પરથી ગોલ કરી બેકહામની યાદ તાજી કરી



બ્રાઈટન, તા. 19 : ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં બ્રાઈટને ક્રિસ્ટલ પેલેસને 5-0થી હરાવ્યું હતું, જેમાં પેરાગ્વેના ડિએગો ગોમેઝે હાફવે લાઈન પાસેથી 50 મીટર દૂરથી સનસનાટીભર્યો ગોલ નોંધાવ્યો હતો.

બ્રાઈટનના મિડફિલ્ડર ડિએગો ગોમેઝે 7મી મિનિટે હાફવે લાઈન પાસેથી 50 મીટર દૂરથી ગોલકીપર વોલ્ટર બેનિટેઝના માથા પરથી બોલ પસાર કરીને સનસનાટીભર્યો ગોલ નોંધાવ્યો હતો. પેરાગ્વેના આ ઈન્ટરનેશનલ ખેલાડીના આ ગોલે 1996-97ની સીઝનમાં વિમ્બલડન સામે મેન્ચેસ્ટર યુનાઈટેડ તરફથી રમીને ડેવિડ બેકહામે ફટકારેલા યાદગાર ગોલની સ્મૃતિઓ તાજી કરી દીધી હતી. ગોમેઝના આ યાદગાર ગોલની મદદથી બ્રાઈટને પોતાના કટ્ટર હરીફ સામે 2-0ની લીડ મેળવી લીધી હતી અને ત્યારબાદ ટીમ 5-0થી વિજેતા બની હતી.

**પશ્ચિમ રેલવે**

**સુરત સ્ટેશન રીડેવલપમેન્ટ કામ**

ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ), વેસ્ટર્ન રેલવે, 6ઠ્ઠો માળ, ઇજનેરી વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008 દ્વારા ઇ-ટેન્ડર નોટિસ નં: BCT/26-27/192 તા. 16/10/2026 આમંત્રિત કરવામાં આવે છે. કાર્ય અને સ્થાન: i. સુરત - 02 કોમન લૂપ અને 02 સ્ટેબલિંગ લાઇન પૂરી પાડીને પ્લેટફોર્મ નં. 1નું નવા હોમ પ્લેટફોર્મ સાથે આઇલેન્ડ પ્લેટફોર્મમાં રૂપાંતર કરવું. ii. સુરત - પ્રસ્તાવિત નવા હોમ પ્લેટફોર્મ અને પ્રસ્તાવિત આઈલેન્ડ પ્લેટફોર્મ નં. 1 પર કવરશેડ, CGS, PA સિસ્ટમ, લાઇટિંગ, પંખા, ક્વિક વોટરિંગ અને સંબંધિત સુવિધાઓ પૂરી પાડવી. iii. ઉધના અને સુરત - ઉધના અને સુરત ખાતે રેનવોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ પૂરી પાડવી. (ઇલેક્ટ્રિકલ ભાગ સહિતનું સંયુક્ત ટેન્ડર). કાર્યની અંદાજિત કિંમત: રૂ.39,15,30,713.22 EMD: રૂ.78,30,600/- સબમિટ કરવાની તારીખ અને સમય: 13.11.2026ના રોજ 15:00 કલાક સુધી ખોલવાની તારીખ અને સમય: 13.11.2026ના રોજ 15:30 કલાકે વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

0721

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**શબ્દગુંફન - ૭૨૭૪** અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. નજર ચુકાવી પારકી વસ્તુ ઉઠાવનાર (૫)
૪. વતનથી છૂટા પડવું તે (૪)
૬. ઉદર (૩)
૭. બડાઇ, શેખી (૪)
૯. મોભો (૪)
૧૦. પ્રતિજ્ઞા (૨)
૧૧. વાર્તા, પવન (૨)
૧૨. તસવીર, ચિત્ર (૨)
૧૪. પાણી, નીર (૨)
૧૫. મૂળ ગામ કે દેશ (૩)
૧૮. કાદવમાં થતું સુગંધ વગરનું સોહામણું ફૂલ (૩)
૧૯. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૨૦. રક્ષણ, આશ્રય (૩)
૨૨. છેવટનું (૩)
૨૩. મુરબ્બી, રક્ષક (૨)
૨૪. કિનાર (૨)
૨૫. ધોળાશ પડતું, રૂપું (૩)
૨૬. પૂંછડિયો તારો (૪)
૨૮. ઉછાળો, જુસ્સો (૨)
૨૯. તીણી બૂમ (૨)
૩૦. પ્રત્યેક, દરેક (૨)
૩૧. સ્નેહ, પ્રેમ (૨)

**ઊભી ચાવી**

૧. ઊંચું, ખાનદાન (૨)
૨. યોગ્ય, વાજબી (૩)
૩. આનંદી, વિનોદી (૩)
૪. યુક્તિ, કરામત (૪)
૫. રમતા-રમતાં સધાય(૫)
૭. ધનુષની દોરી (૩)
૮. જંગલી, વન્ય (૨)
૧૨. કેશ (૨)
૧૩. ડરપોક (૩)
૧૪. પાણીનું પ્રાણી (૪)
૧૫. જંગલ (૨)
૧૬. બનાવટી (૩)
૧૭. પહેરવેશ (૨)
૧૯. મીઠું (૪)
૨૧. પ્રકાર, પદ્ધતિ (૩)
૨૩. સંભાષણ, ગપ્પાં (૪)
૨૪. ખનિજ દ્રવ્ય (૨)
૨૬. તરંગી (૨)
૨૭. વાળ (૨)
૨૮. બળ, તાકાત (૨)



# એલિના સ્વિતોલિનાએ ગેલ મોનફિલ્સ સાથેના લગ્નનો અંત કર્યો

**લાંબી** ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં સ્વિતોલિનાએ પુત્રી સ્કાય બંનેની પહેલી પ્રાથમિકતા રહેવાની પણ વાત કરી

પેરિસ, તા. 19 (એપી) : સાથી ટેનિસ ખેલાડી ગેલ મોનફિલ્સ સાથેના લગ્નનો અંત લાવી દીધો હોવાની એલિના સ્વિટોલીનાએ સોમવારે જાહેરાત કરી હતી. વિશ્વની છઠ્ઠી ક્રમાંકિત યુક્રેનિયન ખેલાડી સ્વિતોલીનાએ એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં કહ્યું હતું કે આ શેર કરવાનો મારા માટે સૌથી મુશ્કેલ નિર્ણય છે. સ્વિતોલીનાએ તેના દેશમાં યુદ્ધની તેના સ્વાસ્થ્ય પર પડેલી ભાવનાત્મક અસર વિશે વાત કરી. તેણે એ પણ શેર કર્યું કે જ્યારે તેણે ટેનિસમાંથી સ્વસ્થ થવા માટે વિરામ લીધો ત્યારે મોનફિલ્સે તેને કેવી રીતે મદદ કરી. તેણે કહ્યું પરંતુ કેટલીક લડાઈઓ તમે તમારી અંદર લડો છો અને કોઈ બીજાના પ્રેમથી જીતી શકતા નથી. સમય જતાં, મને સમજાયું કે મારે મારો પોતાનો રસ્તો બનાવવો પડશે, અને હું લગ્ન સાથે તે કરી શકુ તેમ નથી. મોનફિલ્સ અને સ્વિતોલીનાને એક પુત્રી છે. સ્વિતોલીનાએ કહ્યું, કે અમે સાથે એક સુંદર જીવન વિતાવ્યું છે અને અમને અમારી પુત્રી સ્કાયના રૂપમાં સૌથી કિંમતી ભેટ મળી છે. સ્કાય હંમેશા મારી પહેલી પ્રાથમિકતા રહેશે.

Muthoot Homefin
**Muthoot Homefin (India) Ltd.**

CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસ: મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિ. 19/ઇ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજની પાસે, દાદર (પશ્ચિમ), મુંબઈ - 400028.
શાખા કચેરી: મુથૂટ હોમફિન (આઈ) લિ., 503, સાફાયર બિઝનેસ હબ, એલપી સવાણી રોડ, મધુવન સર્કલ નજીક, અડાજણ, સુરત, ગુજરાત - 395009

પરિશિષ્ટ-IV-એ [નિયમ 8(6)નો પ્રોવિસો જુઓ]

**ખાનગી સંધિ દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ નાણાકીય અસ્ક્યામતોની સુરક્ષા અને પુનઃપ્રાપ્તિ અને સુરક્ષા હિતની અમલવારી અધિનિયમ, 2002 હેઠળ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા ઉલ્લેખિત સુરક્ષિત અસ્ક્યામતોનો કબજો લેવા પર, લોન લેનાર/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે, નીચે વર્ણવ્યા મુજબ સ્થાવર મિલકતની ખરીદી માટે સીલબંધ કવરમાં નીચે હસ્તાક્ષર કરનાર દ્વારા ઓફર્સ આમંત્રિત કરવામાં આવે છે, જે 'જે છે ત્યાં છે', 'જેવી છે તેવી છે' અને 'જે કંઈપણ છે તે છે'ના આધારે છે, જેની વિગતો નીચે મુજબ છે:

| અ. નં. | લોન લેનાર(ઓ)/ સહ-લોન લેનાર(ઓ)/ ગેરેંટર(ઓ)/ લોન ખાતા નં./ શાખા | માંગણી નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | રિઝર્વ પ્રાઇસ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RP ના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | આશિષકુમાર લક્ષ્મણપ્રસાદ પાંડે / ઇન્દ્રાકલી લક્ષ્મણપ્રસાદ પાંડે / 004-00403352 / સુરત | 21- જુલાઈ-2025 રૂ. 7,19,799/- રૂપિયા સાત લાખ ઓગણીસ હજાર સાતસો નવ્વાણું માત્ર | ફ્લેટ નં. 304, ત્રીજો માળ, શ્રી-2, વલ્લભનગર, ઓફ સુરત-કાદોદરા રોડ, બુલે ડાલે સ્કૂલ પાસે, વરેલી, પલસાણા, સુરત, ડિસ્ટ્રિક્ટ-સુરત, સ્ટેટ-ગુજરાત, પિનકોડ-394140, સરહદો: ઉત્તર-અડજ પ્લોટ નં. 169, દક્ષિણ-અડજ પ્લોટ-164, પૂર્વ-રોડ, પશ્ચિમ-અડજ પ્લોટ 119, 120, 121, 122 | રૂ. 1,00,000/- રૂપિયા એક લાખ માત્ર | રૂ. 10,000/- રૂપિયા દસ હજાર માત્ર |
| 2. | મહેન્દ્ર ત્રિભુવનનાથ દુબે / સરોજદેવી મહેન્દ્ર દુબે / 004-00405545 / સુરત | 25-માર્ચ-2021 રૂ. 5,95,754/- રૂપિયા પાંચ લાખ પંચાણું હજાર સાતસો ચોપન માત્ર | ફ્લેટ નં. 108, પહેલો માળ, શિવ કમલ રેસિ.-AB/H, સાઈ ડીપ રેસિ., ઓફ સુરત બારડોલી રોડ, જોલવા, સુરત, ગુજરાત-T394310, જેની વિગતો સેલ ડીડ રજિસ્ટર્ડ નં. 17131-2018 તારીખ 23-ઓગસ્ટ-18ના રોજ સબ-રજિસ્ટ્રાર પલસાણાની કચેરીમાં નોંધાયેલ છે. સરહદો: ઉત્તર-અડજ પેસેજ, દક્ષિણ-બિલ્ડીંગ નં. B, પૂર્વ-ફ્લેટ નં. 107, પશ્ચિમ-ફ્લેટ નં. 101 | રૂ. 2,00,000/- રૂપિયા બે લાખ માત્ર | રૂ. 20,000/- રૂપિયા વીસ હજાર માત્ર |

1. હરાજી 'જે છે ત્યાં છે' અને 'જેમ છે તેમ છે'ના આધારે યોજવામાં આવી રહી છે.
2. હરાજીના વેચાણના વિગતવાર નિયમો અને શરતો ઉપરોક્ત જણાવેલ પ્રાદેશિક કચેરીમાં ઉપલબ્ધ નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે.
3. નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બોલી/ઓફર જમા કરવાની છેલ્લી તારીખ EMD સાથે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા 'મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિ.'ની તરફેણમાં, KYC સાથે 12-નવેમ્બર-2026ના રોજ સાંજે 04:00 સુધી પ્રાદેશિક કચેરી ખાતે, ઉપર જણાવેલ સરનામે છે. છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયેલ અથવા અપૂરતા ભરેલા ટેન્ડરો અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે મુજબ નકારી કાઢવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતની ઇન્સ્પેક્શનની તારીખ 11-નવેમ્બર-2026ના રોજ બપોરે 01:00 થી 03:00 વચ્ચે છે.
5. બોલી/ઓફર હરાજી ખોલવાની તારીખ પ્રોપર્ટી માટે 13-નવેમ્બર-2026ના રોજ ઉપર જણાવેલ શાખા કચેરીના સરનામે બપોરે 01:00 વાગ્યે અધિકૃત અધિકારી દ્વારા કરવામાં આવશે.
6. MHIL કોઈપણ બાકી કાનૂની નોટિસ અને એન્કમબ્રન્સ / કરવેરા બાકી વગેરેની ચૂકવણી માટે જવાબદાર રહેશે નહીં. જો કોઈ હોય અને ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇન્ટેન્ડિંગ બિડરે મિલકતના એન્કમબ્રન્સ ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને તપાસ કરવી અને સંતુષ્ટ થવું જોઈએ.
7. સૌથી વધુ બોલી લગાવનાર MHIL લિ.ની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યા વિના પ્રાપ્ત થયેલ તમામ/ઓફર/બોલી સ્વીકારવાનો અધિકાર અનામત રાખશે. તેનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. લોન લેનાર(ઓ)/ગેરેંટર(ઓ)ને સરફેસી એક્ટ, 2002 ની કલમ 8(6) હેઠળ હરાજીની તારીખ પહેલા ઉપર જણાવેલ રકમ ચૂકવવા માટે 15 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે, જો નહીં તો સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને જો બાકી રકમ વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો લોન લેનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિ. ને વેચાણની તારીખ પહેલાં બાકી રકમ ચૂકવે છે, તો હરાજી રદ કરવા પાત્ર છે.

વધુ વિગતો માટે, અધિકૃત અધિકારીનો ઉપર જણાવેલ ઓફિસ સરનામે સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ- 9737057744

તારીખ: 20 ઓક્ટોબર, 2026, સ્થળ: સુરત

સહી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ

## આજનું પંચાંગ

**તા. 20/10/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** આસો
**તિથિ:** સુદ:નોમ:- 12:51- શ્રીહરિ જયંત,
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-28 **યોગ :** શૂલ
**કરણ:** તૈતિલ **નક્ષત્ર :** શ્રવણ:- 18:02
**રાશી:** મકર (ખ,જ)
**દિવસ :** સામાન્ય- નવરાત્રોત્થાપન-પારણા- મહાનવમી- દશરો, બુધ્ધજયંતી-વિજયાદશમી-મુહૂર્ત- 14:20થી 15:06 આયુધપૂજા
**સુરતમાં સૂર્યોદય :** 06:37 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:10
**નવકારસી :** 07:25
**પારસી વર્ષ :** 1396 ખોરદાદ માસનો 07 ઠો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 જમાદીલ ઊલ અવલ માસનો 08મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ,
**રાહુ કાળ :** બપોરે: 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ઊપરી વર્ગનો સાથ મળવાથી આત્મવિશ્વાસ પૂર્ણ કામ કરવાથી અચાનક નવી તક મળે. આવક વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** નવા ક્રિએટીવ વિચારોથી નવી દિશા મળે. કાયદાકાનૂન બાબતે મદદ મળે. ધાર્મિક પ્રવાસ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** કામનો બોજ વધે. હરીફોથી સાવધાન સરકારી નોકરીયાતે લાલચથી બચવુ. વડીલોની સલાહ માનવી.

**કર્ક (ડ,હ,):** રોજની આવક વધે. ભાગીદારીમાં પ્રગતિ થાય. જીવન સાથી સાથે સામાજિક કામ પાર પડે.

**સિંહ (મ,ટ,):** મિત્રો સાથે વિવાદ ટાળવો. આરોગ્ય બાબતે સભાનતા રાખવી. નોકરીમાં નવી જવાબદારી વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** શેર, સટ્ટા, લોટરી, વાયદામાં ધીરજ રાખવી. વિદેશમાં વિદ્યાભ્યાસનો કામમાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત,):** નવા ઘર બાબતે વડીલોની મદદ મળે. માતા-પિતા સાથે ઘર્ષણ ટાળવું. પ્રવાસ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** નવા મિત્રોથી સાવધાન વિવાદથી અશાંતિ પેદા થાય. અચાનક કામમાં ગતિ આવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ખાણી-પીણીના ધંધામાં આવક વધશે. ઉઘરાણી આવી શકે છે. ઘરમાં અવર-જવર વધશે.

**મકર (ખ,જ,):** ક્રિએટીવ વિચારોથી નવી તક ઊભી થાય. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. ઘરના કામમાં મદદ.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ગુપ્તશત્રુ સતાવે, રોજના કામમાં વિઘ્નો આવે. સંતાનોના કામમાં વિલંબ થાય. ખર્ચા વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** જીવનસાથી સાથે સામાજિક કામ પાર પડે. મિત્રોની મદદ સંતાનોના કામમાં મળે.

## કોઈ પણ સાલમાં 20 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ચડતી-પડતીની સાથે નવી તકો ઊભી કરનાર સાબિત થશે. તેમજ આધુનિક ટેક્નોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાથી નવુ શીખવા મળશે. નવી જવાબદારી, સાથે સ્થાનફેર થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. સામાજિક પ્રતિષ્ઠા વધે. નોકરી-ધંધા-વ્યવસાય વગેરેમાં હરીફો વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે અટકેલા કેસ અને કામમાં ગતિ આવશે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પૂર્ણ થાય. સંતાનોના કેરીયર- અભ્યાસમાં પ્રગતિ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં મદદ મળે. વિદેશનો કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. વારસા, જાયદાત, જમીન વગેરે કામમાં વડીલોની મદદ મળે. મિત્રોની મદદથી વધારાની આવકની યોજના બને. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. સ્ત્રી વર્ગ માટે વર્ષ સામાન્ય પણ ઘર-સંતાનોની સમસ્યા વધશે. જૂન-જુલાઈમાં સોમ-ગુરુવારે 02,11,20 અને 29 તારીખે નવા કામ કરવાં સફેદ, ક્રીમ કલરનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી, ફેબ્રુઆરી, મંગળ-બુધવારે 05, 08 તારીખે નવા કામ ટાળવો. લીલો, નીલો, કાળો રંગ વાપરવાનું ટાળવુ. ચંદ્રના ઉપાય કરતા રહેવુ.